# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં.૪૧ (ડીંડોલી)નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા બાબત

## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : સુરત ભુસાવળ રેલ્વે લાઈન તથા તેને લાગુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૦ (લિંબાયત- ડીંડોલી)

દક્ષિણે : લાગુ ખાડી, સુરત મહાનગરપાલિકાની હદ તથા મોજે ડીંડોલીનો બાકીનો વિસ્તાર.

પૂર્વે : લાગુ ખાડી, સુરત મહાનગરપાલિકાની હદ તથા મોજે ડીંડોલીનો બાકીનો વિસ્તાર.

પશ્ચિમે : સુરત- મુંબઈ રેલ્વે લાઈન

ઉપર જણાવેલ યોજનાના **મુસદ્દાની** એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર **જનતાને જોવા** માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, **સુરતની કચેરીમાં રજાના દિવસો** સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજપત્રમાં ઉપરોક્ત અધિસુચનની **પ્રસિદ્ધ થયાની તારીખથી** એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા/ સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

(ગુરૂ પ્રસાદ મહાપાત્ર)
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નં.પીઆરઓ/૩૬૪
તા.૨૯/૧૨/૨001